# સ્મીત

-જનક નાયક

સાવીત્રીબહેને ઠાકોરજી સામે જોયું. કેવું અદ્ભુત સ્મીત છે એમના ચહેરા પર ! તે સાથે જ વીચાર આવ્યો, ગઈકાલ સાંજથી સારું લાગતું નથી. મનમાં ન સમજાય તેવો અજંપો ફેલાયેલો છે. સાવીત્રીબહેને ઠાકોરજીને હાથમાં લીધા. પછી આંખ પાસે લાવીને સ્પર્શ કર્યો. હૃદય પાસે ઠાકોરજીને મુક્યા. સહેજ દબાવ્યા. હુંફ અનુભવાઈ. ત્યાં જ સોફા પાસે પડેલા કાગળના ડુચા પર એમની નજર પડી. અંજલી આવશે તો એને કહીશ. કાગળનો ડુચો ઉઠાવી ડસ્ટબીનમાં નાખી દે. હજી તો સવારના છ જ થયા છે. અંલી ક્યાં વહેલી ઉઠે છે ! સુર્યવંશી ! હું તો કહી કહીને થાકી. એનાં માબાપ પણ ક્યાં એને કશું કહી શકે છે ! ઠાકોરજીને જમણા હાથે પકડ્યા, પીત્તળના જળપાત્રમાં પાણી હતું. મંત્ર બોલતાં બોલતાં એમાં કંકુ અને ચોખાના બેચાર દાણા નાખીને પાત્ર ઉંચક્યું. જળ પવીત્ર થઈ ગયું. પછી મનોમન બોલ્યાં, મારા વહાલા લાલ ! બરાબર નહાજો. એમની ઉપર એમની પર ધીમે ધીમે ધાર સ્વરુપે જળ નાખવા માંડ્યું. પાણી બહુ ઠંડું છે. હાથ વધુ ધ્રુજ્યા. ઠાકોરજીને ઠંડી લાગતી હશે નહીં ! ચીંતા મુખ પર ઉપસી આવી. થયું, ઉઠીને રસોડામાં જઈને ગેસ પેટાવીને ઠાકોરજીના નહાવા માટે સહેજ હુંફાળું પાણી કરી લાવું. પણ હવે ઘુંટણ ક્યાં ચાલતાં હતાં ! બેઠા પછી ઉભા થવામાં ખાસ્સી તકલીફ. બાજુમાં વૉકીંગ સ્ટીક ખરી. ઉભા થતી વખતે ઘુંટણમાં સખત દુ:ખે. ચાલવાની પણ થોડી તકલીફ. ભારે શરીરે રસોડા સુધી જવામાં તો થાકી જવાય. આમેય આજકાલ બહુ સારું લાગતું નહોતું. તોરણે કહ્યું પણ હતું, ‘મમ્મી ! તમે કાલે વહેલા ઉઠશો નહીં. હું પુજા કરી લઈશ.’ તોરણ સાત વાગ્યા પહેલાં તો ઉઠે જ ક્યાં છે ? સુર્યોદય પછી ઠાકોરજી લાંબો સમય અપુજ રહે એ સાવીત્રીબહેનને ફાવે તેમ નહોતું. એની ચીંતામાં સરખી ઉંઘ પણ આવી નહીં. પ્રાત:કાળે એમની આંખ ઉઘડી ગઈ. સાવીત્રીબહેનને ઘણી વખત થતું. તોરણ, અંજલી, સમીર એ બધાં સવારે ઉઠવા માટે ઘડીયાળ કે મોબાઈલમાં એલાર્મ મુકે છે અને છતાંય તેઓ સમયસર જાગી શકતાં નથી. પંચ્યાસી વર્ષની જીન્દગીમાં એમને ક્યારેય એલાર્મની જરુર પડી નહોતી. પોણા પાંચ વાગે ને ચીત્તમાં ઘંટારવ સમ્ભળાવા માંડે. ઠાકોરજી આવીને ‘સાવીત્રી, ચાલ ઉઠ.’ કહેતા હોય એવી અનુભુતી થાય. સાવીત્રીબહેન ઠાકોરજીનો હાથ પકડવા ઝડપથી ઉઠી જાય. આંખ ઉઘડી જાય. અંધારુ જ હોય. જો કે સાવીત્રીબહેનને હમ્મેશ લાગે કે પ્રકાશનો એક નાનકડો પુંજ ઉઘાડી બારીમાંથી બહાર નીકળી ગયો છે.

એક બીજું કામ નોંધાયું મનમાં. તોરણને કહીશ કે કાલથી સુતા પછી પાણી ગરમ કરી થરમોસમાં ભરી રાખે. ઠાકોરજી ઠંડીમાં ઠુંઠવાય એ મને નહીં પાલવે. જળપાત્ર ખાલી થઈ ગયું હતું. તાંબાના કળશમાંથી ફરી એમાં પાણી ભર્યું. વીચારમાં ને વીચારમાં ઠાકોરજીને બરાબર સ્નાન નથી કરાવાયું એવું થયું. ફરી પાણીની ધાર એમણે ઠાકોરજી પર રેડવા માંડી. ઠાકોરજીને

હાથની આંગળીઓથી ઘસી ઘસીને નવડાવ્યા. ઠાકોરજી જાણે ચકચકીત. પછી સ્વસ્થ કપડાથી લુછ્યા. અચાનક આંખ સમક્ષ નાનકડો સમીર આવી ગયો. સમીરને ત્યારે સાવીત્રીબહેન ઘણી વખત ઠાકોરજી કહીને જ સંબોધતા. ભોળો, ઠાકોરજી જેવો જ. આંખ ઠાકોરજી જેવી જ. ચહેરા પર રમતું હાસ્ય ઠાકોરજી જેવું જ. 'મમ્મી તને કેટલી વખત કહ્યું ? તું રસોડામાં માથું ન માર. તોરણ છે. હવે એને જવાબદારી સોંપી દે.' વર્ષો વીત્યાં છતાં ઠાકોરજી ન બદલાયા; પણ સમીર ધીમે ધીમે બદલાતો ગયો. સાવીત્રીબહેને ફરી ઠાકોરજી તરફ એકીટસે જોયું. મારા વહાલા ઠાકોરજી !' બોલાઈ ગયું. 'તમે એવા જ રહેજો. કદી ન બદલાશો.' ટીપોય પર ગઈકાલ રાતનો કપ પડ્યો છે. સાવીત્રીબહેનની નજર ગઈ. અંજલી પણ એવી જ છે. રાતે જ એ કપ ઉપાડી લેવાનો હોય. એ ઉઠે એટલે કહેવું પડશે. કપ રસોડામાં મુકી દે. ચીત્તમાં ત્રીજું કામ નોંધાયું.

અચાનક એમની દૃષ્ટી મંદીર પર પડી. ધુળ બાઝી ગઈ હોય એવું એમને લાગ્યું. આ તોરણ પણ એવી જ છે. આખો દીવસ ઘરમાં જ રહે છે; તોય એનાથી આ મંદીર જોવાતું નથી ! પછી સહેજ મોટેથી અને ખીજાઈને બોલાઈ ગયું, 'તોરણ, પ્લીઝ ! સ્વચ્છ રહીને જ મંદીર પાસે આવવું. ટાઈમમાં હોય ત્યારે મારા મંદીરને હાથ ન લગાડવો.'

'મમ્મી, તમેય શું ! આ એકવીસમી સદીમાં ?' તોરણ ત્યારે મોટેથી બોલી હતી. સાવીત્રીબહેનને તોરણનો મોટો અવાજ પસંદ પડ્યો ન હતો.

'સદીઓ બદલાશે તોય ધર્મ ક્યારેય બદલાતો નથી.'

જોકે ત્યારે તોરણને ખોટું લાગી ગયું હતું. સમીરે ત્યારે મોટો ઝઘડો કર્યો હતો. એ પછી તોરણે મંદીર પાસે પગ મુક્યો નહોતો. એમ તો ગઈ કાલે જાણે દયા આવતી હોય તેમ એ બોલી પણ હતી, 'મમ્મી તમારી તબીયત સારી નથી. ચાલો, હું પુજા કરી લઈશ.' દીકરો નજદીક હોય ત્યારે સારું જ બોલવાનું એ કોઈ વહુ તોરણ પાસે શીખે.

પણ ના. તોરણ ઠાકોરજીની સેવા કઈ રીતે કરી શકે ? મારી કેટલીય વસ્તુ એ ભુલી જાય છે. સવારની ચા ઘણી વખત જાતે બનાવવી પડે છે. ભોજનમાં ચાર રોટલી નીયમીત ખાઉં. ઘણી વખત એ મને ત્રણ જ રોટલી આપે. થાળી પરથી ઉઠી ગયા પછી હું ક્યારેક કહું, 'તોરણ તે મને ત્રણ જ રોટલી આપેલી.'

એ કહે મમ્મી, 'તમારે માગી લેવી જોઈએ  ને ?'

મને ગુસ્સો આવે. તમને લોકોને મેં કાયમ આપ્યું છે; તો હવે રોટલીય મારે તારી પાસે માગવાની ? મમ્મીને શું જોઈએ છે ? કેટલું જોઈએ છે ? કેવી રીતે જોઈએ છે ? તેનું ધ્યાન તમારે નહીં રાખવાનું ? ફરીયાદની ચીસ ઉઠે; પણ કશું બોલવાનું નહીં. સાવીત્રીબહેને સામેના દાદર તરફ નજર કરી. અંજલી, તોરણ કે સમીર ત્રણેયમાંથી કોઈના નીચે આવવાના અણસાર વરતાતા નહોતા. ઠાકોરજીના કપાળ પર ચંદન લગાવ્યા પછી બન્ને હાથની એમની હથેળીમાં પણ ઘસ્યું. પગના તળીયામાં પણ ચંદનનું ટપકું કર્યું. સાવીત્રીબહેન જાણે ચંદનમય થઈ ગયા.

સુગંધીત. પછી કપાળ પર કંકુથી ચાંદલો કર્યો. ચોખાના બે–ત્રણ દાણા પણ લગાડ્યા. સમીરને કહેવાનું છે કે આજે અમારી સીનીયર સીટીઝન્સની મીટીંગ છે. તો ગાડી મોકલજે. ઘણી વખત બન્યું છે એમ, સમીર કહેશે કે, મમ્મી, આજે મારે બહુ કામ છે. તું રીક્ષામાં ચાલી જજે. દર વખતની જેમ આજે સમીર જ્યારે એવું બોલશે ત્યારે દુ:ખી થઈ જવાશે. પણ અંતે તો એણે રીક્ષામાં જ જવું પડશે. ધારે તો તોરણ એમને એક્ટીવા પર મુકી દઈ શકે. જો કે એવો કોઈ પ્રસ્તાવ પોતે મુકે તે પહેલાં જ તોરણ કહી દેવાની કે મમ્મી તમને એક્ટીવા પર બેસતા નથી આવડતું. તોરણના જવાબ સ્પષ્ટ હોય. વાગે એવા પણ હોય. જો કે આમ પણ એક્ટીવા પર બેસવાનું સાવીત્રીબહેનને ફાવ્યું નથી. એક પછી એક કામો યાદ આવતાં હતાં. સાવીત્રીબહેન એ કામો ચીત્તમાં યાદ રાખવાની કોશીશ કરતાં હતાં. ઠાકોરજી, વહાલા ઠાકોરજી, હવે જીવવાની મઝા નથી આવતી. બોલાવી લે તારી પાસે. એવો ચીત્તમાંથી ધીમા સાદે અવાજ આવ્યો. સાવીત્રીબહેનની અકળામણ વધી ગઈ. પછી ધારદાર નજરે ઠાકોરજી તરફ જોયું. ઠાકોરજીના ચહેરા પર એ જ મધુરું સ્મીત. સાવીત્રીબહેન ખડખડાટ હસી પડ્યા.

‘મમ્મી, સવારની પુજા ધીમા અવાજે કરવાની. ઘંટડીના અવાજો અને તારા કર્કશ શબ્દોનો ઘોંઘાટ અમને ઉંઘવા નથી દેતો.’ ફરી સમીરનો અવાજ સંભળાયો.

ખડખડાટ હસવું જાણે ત્વરીત મુરઝાઈ ગયું. મારા જ ઘરમાં મારે હસવાનું પણ નહીં. બોલવાનું પણ નહીં.

‘તમે મને છોડીને કેમ ચાલ્યા ગયા ?’ પ્રશ્ન થયો. પછી અચાનક થયું કે આ પ્રશ્ન ઠાકોરજીને પુછાયો હતો કે એમના ‘એ’ ને ?’

ઠાકોરજી તરફ જોયું. એ જ સ્મીત. સાવીત્રીબહેનના ચહેરા પર ફરી હાસ્ય આવી ગયું. સમીર નાનો હતો ત્યારે વહાલથી એને કપડાં પહેરાવતાં એમ પીળું અબોટીયું ઠાકોરજીના આખા શરીરે વીંટી દીધું. હવે ઠંડી નથી લાગતી ને ? આછી મુસ્કાન સાથે પુછાયું.

તરત સમીર એમના ચીત્તમાં આવી ગયો અને બોલ્યો, ‘ના, મમ્મી, ના ! તારી હુંફ હોય પછી ઠંડી કેવી !’ ઠાકોરજી એવું કશુંક બોલતા હોય એવું અનુભવાયું. આજે ક્યાં સમીર એની પાસે છે ? સમીર તો અત્યારે તોરણની બાજુમાં – વીચારને પરાણે અટકાવ્યો. પછી ઠાકોરજી તરફ જોયું. આંખ ભીની થઈ ગઈ. બોલાયું, ‘તમે જ મારા અને હું જ તમારી.’ ગોપીભાવ જાણે એમના આખા શરીરમાં ફેલાઈ ગયો. સારું લાગ્યું. એક ખાંસી આવી. મોટેથી ખાંસી ન ખવાય એની સાવીત્રીબહેને કાળજી રાખી. સમીરને ઉંઘમાં ખલેલ શા માટે પહોંચાડવી ?

અંદર કશુંક ઉછળતું હોય એવું એમને લાગ્યું. આખા શરીરમાં જાણે થાક ફેલાઈ ગયો. હવે વધુ વખત બેસાશે નહીં એવું એમને થયું. ઠાકોરજીને ઝડપથી એમના મંદીરમાં મુકી દઉં. પછી હું મારા કમરામાં જઈને ભરાઈ જાઉં. આજે ઠીક નથી લાગતું. એકાએક સાવીત્રીબહેનને યાદ આવ્યું. ઓહ ! આજે તો ‘એમનો’ નીર્વાણદીન. કઈ રીતે ભુલી જવાયું ? ઠાકોરજી, તમે પણ

યાદ ન કરાવ્યું ? આજે, આજ તારીખે ને લગભગ આ જ સમયે, હું જ્યારે તમારી આરતી ગાતી હતી ને તેઓ રુમમાં મારા નામનો સાદ પાડી રહ્યા હતા. મને સંભળાયું નહીં અથવા હું તમારામાં એટલી મગ્ન હતી ઠાકોરજી, કે મને એમનો ખ્યાલ જ ન આવ્યો. પુજા કરીને હું જ્યારે એમના રુમમાં પ્રવેશું છું ત્યારે તેઓ તો રુમમાં ચત્તાપાટ પડ્યા હતા ! આંખના ડોળા બહાર આવી ગયા હતા. હું ચીસાડા પાડતી દોડી હતી એમની પાસે. પણ ત્યારે એમનામાં પ્રાણ જ ક્યાં હતા !

ઠાકોરજી, તમને ખ્યાલ હોય તો મેં પછી દીવસો સુધી તમારી પુજા નહોતી કરી. તમારે લીધે જ અન્તીમ સમયે હું એમની સાથે રહી શકી નહોતી. જો કે પછી મન મનાવ્યું હતું. સમયે સમયે બધું બનતું જ હોય છે. તમારા વીના મારું છે કોણ ? ઠાકોરજી, મારા મનનો અજંપો દુર કરો. આ ઉચાટ મારા આખા શરીરે દાઝી ગયા પછીના ફફોલા પાડી રહ્યો છે. સાવીત્રીબહેને ફરી ઠાકોરજીની આંખમાં જોયું.

ઠાકોરજી મરક મરક હસી રહ્યા હતા. ઠાકોરજીને વહાલથી સાવીત્રીબહેને છાતીસરસા ચાંપી દીધા. ભલે બધાં છોડી જાય મને. તમે મને ત્યજશો નહીં એવું ફરી મનોમન બોલાયું. શ્વાસ ઝડપથી ચાલવા માંડ્યો. સાવીત્રીબહેને ચાર–પાંચ ઉંડા શ્વાસ લીધા. એમને લાગ્યું કે શ્વાસ પુરો લેવાતો નથી. અડધેથી છોડી દેવો પડે છે. એમણે ચોપાસ દૃષ્ટી કરી. બધું જ સુમસામ. બધા રુમ બંધ હતા. એમને થયું કે તોરણને બુમ પાડી બોલાવે. પણ પ્રયાસ કરવા છતાં મોંમાંથી અવાજ જ નીકળ્યો નહીં. શ્વાસ વધુ ઝડપથી ચાલવા માંડ્યા. ઠાકોરજી એમની છાતી સાથે ભીંસાયેલા હતા. છાતી તેજ ગતીથી ઉંચીનીચી થતી હતી. શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. આંખે અંધારા આવવા જેવું થયું. હાથ ધ્રુજી રહ્યો છે કે શું ? પગમાં ખાલી ચડી ગઈ હતી કે શું ? પ્રશ્ન થયા. સમીરને બુમ પાડવી જોઈએ એવું થયું પણ એનો અમલ ન થઈ શક્યો. શરીરમાંથી ચેતન જઈ રહ્યું હોય એમ અનુભવ્યું. ત્યાં જ ભીતરથી કશુંક ઉછળ્યું. કશું બહાર ન નીકળે એના મરણતોલ પ્રયાસ કર્યા. ઝડપથી ઉભા થવાની મથામણ કરી. એનો પ્રત્યાઘાત પડ્યો હોય તેમ બીજી જ ક્ષણે તેઓ ફર્શ પર ઢળી પડ્યાં. ઠાકોરજી હજુય છાતી પાસે જ હતા.

સૌ પ્રથમ તોરણ આવી. જોયું તો સાસુમાં પડ્યા હતા. ભયથી ચીસ પાડતી એ દોડી. સૌ હાંફળાંફાંફળાં દોડીને ભેગા થઈ ગયા.

♦

થોડાક સમયમાં સાવીત્રીબહેન રાખ થઈ ગયાં.

♦

બે–ત્રણ વખત મોબાઈલમાં રીંગ વાગી. એલાર્મ સંભળાયો. તોરલ ઉઠી. ઝડપથી તૈયાર થઈને મંદીર પાસે બેઠી. ઠાકોરજીને હાથમાં લીધા. જોતી રહી. કેવું અદ્ભુત સ્મીત છે ઠાકોરજીના ચહેરા પર !

ત્યાં જ વીચાર આવ્યો. મમ્મી ગયાં ત્યારે એમના ચહેરા પર પણ સ્મીત હતું, બરાબર ઠાકોરજીના જેવું જ.

તોરણ ધ્રુસકે ધ્રુસકે રડી પડી....

–જનક નાયક

લેખકસંપર્ક :

‘સાહીત્ય સંગમ’, બાવા સીદી, પંચોલીની વાડી સામે, ગોપીપરા, સુરત - 395 001

ફોન : 0261-259 7882/259 2563 મોબાઈલ - 98251 12481

eMail : janaknaik54@gmail.com Website : www.sahityasangam.net

●♦●

‘સન્ડે ઈ-મહેફીલ’ - વર્ષઃ આઠમું - અંકઃ 258 – December 02, 2012

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકનઃ ગોવીન્દ મારુ - govindmaru@yahoo.co.in

@@@@@@@@@